# IITGnનાં B.Techની નવી બેચનાં સ્ટુડન્ટ્સ દ્વારા AMCનાં સહભાગે ક્લીનલીનેસ ડ્રાઈવ યોજાશે

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, ગાંધીનગરનાં ફાઉન્ડેશન પ્રોગ્રામ અંતર્ગત બી.ટેકનાં સ્ટુડન્ટ્સ દ્વારા AMCનાં સપોર્ટ સાથે ક્લીનલીનેસ ડ્રાઈવ યોજાશે. ૧૯મી ઓગસ્ટનાં રોજ સવારે ૭થી ૯ કલાક દરમિયાન યોજાનાર આ ડ્રાઈવમાં બી.ટેકની નવી બેચનાં ૧૮૭ સ્ટુડન્ટ્સ જોડાશે. આ ડ્રાઈવ દરમિયાના લાલદરવાજાનાં AMTS બસ ટર્મિનસ તેમજ સીદી સૈયદની મસ્જિદ, રિલીફ રોડ અને જૂના અમદાવાદનાં જેપી ચોકને આવરી લેવાશે. આ પ્રોગ્રામ એન્જિનિયરિંગનાં સ્ટુડન્ટ્સ એટલા માટે તૈયાર કરવામાં આવ્યો છે કે જેથી કરીને તેઓ એક સારા એન્જિનિયરની સાથે એક સારા સિટીઝન પણ બની શકે જે સમાજને પોતાના તરફથી સોસાયટીમાં થતી પ્રોબ્લમ્સનું સોલ્યુશન સરળતાથી લાવી શકે. આ ક્લીનલીનેસ ડ્રાઈવ માટે IITGn દ્વારા AMCનાં કમિશનર વિજય નેહરા તેમજ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ એન્ડ હેલ્થ ડિપાર્ટમેન્ટ ઓફ AMCનો સંપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો છે.

**Title:** IITGN new batch students to carry out cleanliness drive with AMC
**Source:** Sandesh (City Life, Pg. no. 1)
**Link:** http://sandeshepaper.in/m/170956/5b7776faace2b
**Date:** 18-08-2018